## ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાનાં

## પ્રોગ્રામ કેટેગરી–૧ મુજબનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનો કોમન ઓફલાઈન કાઉન્સેલિંગ કાર્યક્રમ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫

# પ્રોગ્રામ કેટેગરી–૧: બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક.(બાયોટેકનોલોજી)

ગુજરાત રાજ્યની આણંદ, જૂનાગઢ, નવસારી તથા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ચાર ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી રહેલ જગ્યાઓ માટે ચારેય કૃષિ યુનિસર્સિટીઓ દ્વારા નક્કી થયા મુજબ **આગામી રૂબરૂ કાઉન્સેલિંગ તા. ૦૭.૧૦.૨૦૨૪ થી તા.૧૦.૧૦.૨૦૨૪ દરમ્યાન ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનીવર્સિટીઓનાં મુખ્ય કેમ્પસ ખાતે વર્ચુઅલ મોડથી હાથ ધરવામાં આવનાર છે.**

સ્નાતક કક્ષાના બી-ગૃપના અભ્યાસક્રમોમાં પ્રવેશ અન્વયે ચોથા ઓનલાઇન રાઉન્ડમાં પ્રથમ ચોઈસ સિવાયની કોલેજમાં પ્રવેશ મળેલ હોય તેવા અને ચારેય ઓનલાઈન રાઉન્ડમાં પ્રવેશ મળેલ ન હોય તેવા નીચે આપેલ મેરીટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ **જો પ્રોગ્રામ કેટેગરી–૧ મુજબનાં અભ્યાસક્રમોમાં બાકી રહેલ બેઠકોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેઓએ નીચે દર્શાવેલ સ્થળો પૈકી કોઇ એક સ્થળે રૂબરૂ નીચે દર્શાવેલ કાર્યક્રમ પ્રમાણે હાજર રહેવા જણાવવામાં આવે છે. નીચે દર્શાવેલ મેરીટ યાદીનાં ક્રમ નંબર પ્રમાણે રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ભરેલ ઓનલાઇન ફોર્મની નકલ, જે વિદ્યાર્થીઓ એ ટોકન ફી ભરેલ હોય તેની પહોંચ, તમામ અસલ પ્રમાણપત્રો તથા દરેક પ્રમાણપત્રોની પ્રમાણિત નકલોના એક સેટ સાથે હાજર રહેવાનું રહેશે. (જે વિદ્યાર્થીઓ એ ચોથા ઓનલાઈન રાઉંડમાં બીજી કે તેનાથી ઊપરની (ચોથા, પાંચમાં, છઠ્ઠી...વગેરે ચોઇસમાં) પસંદગીની કોલેજમાં એડમીશન કન્ફર્મ કરાવેલ છે તેઓએ રૂબરૂ કાઉન્સેલિંગમાં તે કોલેજનો એડમીશન મેમો ફરજીયાત સાથે લઈ ને આવવાનો રહેશે.)**

**ચોથા ઓનલાઇન રાઉન્ડમાં પ્રથમ ચોઈસ સિવાયની જે કોલેજમાં પ્રવેશ મળેલ હોય અને તે કોલેજ ખાતે નિયત સમયમર્યાદામાં એડમીશન કન્ફર્મ કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓ જો રૂબરૂ કાઉન્સેલિંગમાં ગેરહાજર રહેશે તો તેવા વિદ્યાર્થીઓનું એડમીશન ચોથા ઓનલાઇન રાઉન્ડમાં કન્ફર્મ કરાવેલ કોલેજ ખાતે જ ચાલુ રહેશે તથા નામ મેરીટલીસ્ટમાંથી દૂર કરવામાં આવશે અને આવા વિદ્યાર્થીઓનો ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનો એડમીશન બાબતેનો હક્ક દાવો ગ્રાહ્ય રહેશે નહી જેની વાલીઓ તથા વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.**

| ક્રમ | યુનિવર્સિટી | કાઉન્સેલીંગ સ્થળ |
|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી | ઓડટોરીયમ હોલ, બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | સરદાર પટેલ સભાગૃહ, ઓડીટોરીયમ પાછળ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી | અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, ATIC ની સામે, પહેલા ગેટ પાસે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૪ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | પ્રો. વી. આર. મહેતા ઓડિટેરિયમ, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર |

**કાઉન્સેલિંગ વખતે પ્રવેશ મળ્યેથી તુરત જ ટોકન ફી (વિદ્યાર્થીઓ માટે રૂા. ૮૨૦૦/– તેમજ વિદ્યાર્થીનીઓ માટે રૂા. ૩૨૦૦/–) કાઉન્સેલીંગ સ્થળ પર જ ઓનલાઇન (ડેબીટ કાર્ડ/ ક્રેડીટ કાર્ડ/ નેટ બેંકીંગથી) ભરવાની રહેશે. ફી નહિં ભરનારનો પ્રવેશ આપોઆપ રદ થશે.જે વિદ્યાર્થીઓને અગાઉ એડમીશન મળેલ છે અને ટોકન ફી ભરેલ છે તે વિદ્યાર્થીઓ એ ફરી ટોકન ફી ભરવાની રહેતી નથી, તેઓએ ટોકન ફી ભર્યા ની પહોંચ સાથે રાખવાની રહેશે.**

**રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ સીટ મેટ્રીક્ષ પ્રમાણે મેરીટના આધારે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે.**

**ખાલી સીટો ભરાઈ ગયા બાદ એડમિશન પ્રક્રિયા પૂર્ણ ગણવાની રહેશે, જો કાઉન્સેલિંગ દરમ્યાન સીટો ખાલી થશે તો તે સીટો પણ નિયમોનુસાર ભરવામાં આવશે.**

# કોમન રૂબરૂ કાઉન્સેલિંગ કાર્યક્રમ (પ્રોગ્રામ કેટેગરી–૧)

**પ્રોગ્રામ કેટેગરી–૧**

બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર,
બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક.(બાયોટેકનોલોજી)

| તારીખ (વાર) | ક્રમ નંબર (Sr. No) | કાઉન્સેલીંગ સમય | કાઉન્સેલીંગ સ્થળ: |
|---|---|---|---|
| **૦૭.૧૦.૨૦૨૪ (સોમવાર)** | ૧ થી 300 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:00 કલાકથી | **વિદ્યાર્થીઓએ ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ સેન્ટરમાંથી નજીકનાં કોઇ એક સેન્ટર પર હાજર રહેવુ.** |
| | 301 થી ૬00 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય :** ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય :** ૧૪ :00 કલાકથી | |
| **૦૮.૧૦.૨૦૨૪ (મંગળવાર)** | ૬00 થી ૯00 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:00 કલાકથી | |
| | ૯0૧ થી ૧૨00 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય :** ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય :** ૧૪ :00 કલાકથી | |
| **૦૯.૧૦.૨૦૨૪ (બુધવાર)** | ૧૨0૧ થી ૧૫00 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:00 કલાકથી | |
| | ૧૫0૧ થી ૧૮00 (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય :** ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય :** ૧૪ :00 કલાકથી | |
| **૧૦.૧૦.૨૦૨૪ (ગુરુવાર)** | ૧ થી ૧૯૦ (અધર બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:00 કલાકથી | |
| | ૧ થી ૧૫૦ (ગુજરાત બોર્ડ, SC મેરીટ) | | |
| | ૧ થી ૨૫૦ (ગુજરાત બોર્ડ, ST મેરીટ) | **રીપોર્ટીંગ સમય :** ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય :** ૧૪ :00 કલાકથી | |

**ખાસ નોંધ:**

- ઉપરોક્ત પ્રવેશ ફક્ત મેરીટ આધારે જ આપવામાં આવશે તેમજ ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે.
- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપી શકાશે.
- રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ સીટ મેટ્રીક્ષના પ્રમાણે મેરીટના આધારે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાત્રી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલીંગમાં વિદ્યાર્થીઓ/ વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનુ રહેશે.